### IIT-Gnમાં આયોજીત કોન્ફરન્સમાં પ્રો.લેસસીએ કહ્યું,

# ઇલેક્શનમાં પ્રજાની 'મન કી બાત' જાણવા કોગ્નેટિવ સાયન્સ વપરાશે

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

કોગ્નેટિવ સાયન્સ એટલે હ્યુમન માઈન્ડ અને બિહેવિયરનો અભ્યાસ કરતું વિજ્ઞાન. આ વિષય પર આઈઆઈટી-ગાંધીનગરમાં યોજાયેલી કોન્ફરન્સમાં આ જ વિષય ભણાવતા પ્રો.લેસસીએ કહ્યું હતું કે, 'અત્યાર સુધી કોગ્નેટિવ સાયન્સનો ઉપયોગ માર્કેટિંગ એક્સપર્ટ દ્વારા ગ્રાહકોની મનઃસ્થિતિ જાણવા માટે થતો હતો. હવે આ સબજેક્ટ ખુબ વિસ્તાર પામ્યો છે. અમેરિકા જેવા દેશોમાં ઈલેક્શન એક્સપર્ટ્સ દ્વારા ચૂંટણી પૂર્વે લોકો પાર્ટી વિશે શું વિચારી રહ્યાં છે અને તેઓ કયા મુદ્દે કેવું રિએક્શન આપશે તે જાણવા કોગ્નેટિવ સાયન્સનો ઉપયોગ થાય છે. આપણે ત્યાં પણ લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે લોકોને કયા પ્રકારના નેતા જોઈએ છીએ?, તેમની સમસ્યાઓ શું છે?, તેમના મનમાં શું ચાલી રહ્યું છે? અને કઈ બાબતો તેમના મન પર તરત અસર કરે છે? જેવા સવાલના જવાબ મેળવવા કોગ્નેટિવ સાયન્સના એક્સપર્ટ્સની ડિમાન્ડ વધી જશે.'

આઈઆઈટી ગાંધીનગરમાં યોજાયેલી કોગ્નેટિવ સાયન્સ પરની કોન્ફરન્સમાં વિવિધ દેશોમાંથી આવેલા આ વિષયના એક્સપર્ટ્સે માણસની વિચારવાની શક્તિ, વિચાર બાદ માઈન્ડ કેવી રીતે વર્ક કરે છે, કેવી રીતે કમાન્ડ આપે છે તેવા વિષયો પર વિવિધ સેશન્સમાં ચર્ચા કરી હતી. આ ઉપરાંત હવે ભારતમાં કેવી રીતે કોગ્નેટિવ સાયન્સનો ઉપયોગ વધી રહ્યો છે તે વિશે નોલેજ શેરિંગ કર્યું હતું. ઉલ્લેખનિય છે કે, આ વિષય પરનો કોર્સ ડિઝાઈન કરીને ભણાવતી આઈઆઈટી ગાંધીનગર દેશની પ્રથમ એજ્યુકેશન ઈંસ્ટિટ્યૂટ છે. જેમાં વિદ્યાર્થીઓ આ વિષયમાં એમએસસી અને પીએચડી થાય છે.

## કોગ્નેટિવ સાયન્સ એટલે શું

કોગ્નેટિવ સાયન્સ એટલે હ્યુમન માઈન્ડ અને બિહેવિયરનો અભ્યાસ કરતું વિજ્ઞાન. અત્યાર સુધી તેનો ઉપયોગ મોટેભાગે માર્કેટિંગ ક્ષેત્રે ગ્રાહકોના માઈન્ડ રિડિંગ માટે થતો હતો, પણ હવે તેનો વ્યાપ વધ્યો છે અને ચૂંટણીઓમાં પણ તેનો ઉપયોગ થાય છે.

**Title:** Cognitive Science can be used to know 'Mann ki Baat' of citizens during elections
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 18/11/2018